# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૨૪ ● સળંગ અંક : ૧૨૮ ● તા.૨૧ થી ૨૭ નવેમ્બર ૨૦૨૦


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# અનંત પેથોલોજી લેબનો કાંજુરમાર્ગ ખાતે શુભારંભ


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**

**Email :**

**gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# અનુભવ એટલે ઉત્તમ પાઠશાળા

સારા કે ખરાબ દરેક પ્રકારના અનુભવો થવા જરૂરી છે. કાર્યમાં સફળતા મળે કે નિષ્ફળતા એનું જરાપણ મહત્વ નથી. કામનો અનુભવ મળે એનું જ મહત્વ છે અને હોવું જોઈએ કારણ કે અનુભવથી માણસ ઘડાય છે. સારા કે વિકટ સમયમાં ગુજરનાર જ્ઞાનથી, સમજથી અને અનુભવથી તરબતર થાય છે. વિચારો સિધ્ધાંતો અને કલ્પનાઓની પરખ સમયની કસોટીના એરણ પર થતી હોય છે. દુ:ખના હોય કે સુખના. અનુભવો આખરે અનુભવો છે. અનુભવો નો કોઈ વિકલ્પ નથી. પર્યાય નથી. અનુભવ એક એવું ટાંકણું છે જે એક પથ્થરને ઘડીને મૂર્તિનો આકાર આપે છે. અનુભવ જીવન ઘડતરનું શિક્ષણ છે. જે માણસની જ્ઞાન સીમાને સમજણની હદને વિસ્તૃત કરે છે.

વ્યક્તિ નાની ઉંમરનો હોય ત્યારે માતાપિતાના સુરક્ષાચક્રમાં જીવતો હોય છે, વિકસતો હોય છે. જેથી અનુભવ ગ્રહણથી તે વંચિત રહે છે. મોટો થાય ત્યારે આગ્રહ દુરાગ્રહ અને પૂર્વગ્રહના કારણે અનુભવો મેળવવાથી વંચિત રહી જાય છે. જાત અનુભવ ન થાય ત્યાં સુધી માણસના મનમાં અન્ય પ્રત્યેની ગેર સમજણો અને ગેર માન્યતાઓ ગ્રસ્ત થઈ જાય છે. એટલે સામેવાળી વ્યક્તિને અલગ નજરથી જુએ છે. માણસો પ્રત્યેના તેના વિચારો, વ્યવહારો અને વર્તન અલગ પ્રકારનું હોય છે. જે અનુભવને કારણે બદલાઈ શકે છે. મૈત્રી, પ્રેમ અને લગનથી લઈને સંતાનોના જન્મ, ઉછેર અને પરિવારજનોના મૃત્યુ સુધી જીવનની અઢળક ઘટનાઓથી મળતા અનુભવો એક નવી દિશા આપે છે.

અનુભવો બે પ્રકારે મળે છે. સ્વજાતને મળતા અને અન્યના જીવનને નજીકથી જાણી, સાંભળી કે માણીને આપણે ગ્રહણ કરતા અનુભવો. જાતને મળેલ અનુભવો આત્માની સોંસરા ઉતરી જાય છે જ્યારે અન્ય પરના અનુભવો ઉપલકિયા જ્ઞાન જેવા હોય છે. જે માથા પરથી સોંસરા નીસરી જાય છે. જ્યારે જાતને મળેલા અનુભવો મન, હૃદયને પણ આરપાર થઈ અમીટ છાપ છોડી જાય છે. જે જિંદગીભર સ્મૃતિમય રહે છે. એની સમજ જો ગ્રહણ કરીએ તો ઉત્કૃષ્ટ જ્ઞાન આપી જાય છે. જાત અનુભવ વિના ભાત થતી નથી. કોઈની કથની સાંભળી એ તો સમજણ મળે, જાણવા મળે પણ અનુભવનો સચોટ અને અક્સીર ગુણ જાત અનુભવ થકી જ મળે છે.

કોઈને ગોળી વાગે તેનાથી આપણને અરેરાટી થાય. પણ, એનો ઘા વાગવાથી જે પીડા, યાતના, દર્દ થાય તે તો જાત અનુભવથી જ મળે એ દેખીતી વાત છે. ઘણી એવી બાબતો એવી હોય છે જાતે અનુભવ્યા વિના માત્ર વિચાર કરવાથી સચોટ પણે સમજ નથી પડતી. આ તો આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય એવી વાત છે. અનુભવોની તીવ્રતા વર્ષો જેમ વીતે તેમ તેમ તેજ થાય છે, ધારદાર થાય છે. એનાથી પુખ્તતા મળે છે તો કેટલાક અનુભવો વર્ષો વિતતા પાઠ ગ્રહણની અસરકારતા ગુમાવી બેસે છે. એટલે જાતને મળેલ અનુભવ પાઠશાળાની ગરજ સારે છે. અનુભવના અભ્યાસથી જ માણસ ઘડાય છે.

– જય જ્ઞાતિમૈયા

# સંકટ સમયમાં જાતની કસોટી થાય છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જાતને પ્રેમ કરવો એ પણ એક કળા છે. સ્વની ખામી શોધવી એ પણ એક કળા છે અને આપણી અંદર શું બેસ્ટ ચીજ છૂપાયેલી છે, એની શોધ કરવી એ એક મોટી કળા છે. અરીસામાં જોઈએ છીએ ત્યારે આપણને આપણું રૂપ મનમોહક લાગવાનું જ. આપણે આપણને ગમીએ એ સ્વભાવ ગત વાત છે. પણ અન્યને આપણે ગમીએ, પસંદ પડીએ એ મોટી વાત થાય. અત્યારે થાય જ્યારે આપણે સમય સમયાંતરે આપણામાં રહેલી ખૂબી-ખાસિયતને સાચવીએ અને ખામીઓને શોધી તેને હટાવીએ કે ઓછી કરીએ.

અંતરની ભીતર શું છૂપાયેલું છે કે સચવાયેલું છે. તેની શોધ આપણને જ કરવાની છે. મનમાં પ્રેમ, કરૂણા, લાગણી, દયા, વિસ્મય, ક્રોધ, આક્રોશ, ઈર્ષા એવી દરેક સારી નરસી બાજુ ધરાવતા ગુણોને અવગુણો આપણા ભરાયેલા છે તેને જેવો સમય-સંજોગ એમાં બહાર છતો કરવાનો હોય. સમયે અવ્યક્ત થયેલ બાજુઓ જો બહાર પ્રગટે પણ તે પરિસ્થિતિને સાનુકુળ ન હોય તો એની કોઈ વેલ્યુ નથી.

અબોલ જીવ પર અત્યાચાર થતો હોય ને ત્યારે આપણે ચૂપ રહીએ, નાના નબળા કોઈ જણ પર હિંસાચાર થતો હોય ને આપણે મૌન થઈ ઊભી રહીએ. સરિયામ રસ્તે કોઈ અબળાની પજવણી થઈ રહી હોય ને આપણે ચૂપચાપ ઊભા રહીએ, તમાશો જોતા રહીએ આ ગુણ નથી પણ અવગુણ છે.

સામેવાળી વ્યક્તિની ભૂલથી આપણને ક્રોધ આવે, આક્રોશ આવે. કોઈના દુર્વ્યવહાર પર આપણને રોષ થાય તે છતાં સંયમ જાળવી સામેવાળી વ્યક્તિ સાથે સ્નેહપૂર્વક વર્તાવ કરીએ. લાગણી, હેતનો ભાવ રાખીએ તો એ આપણો ગુણ છે. આપણામાં રહેલી આવડતને ક્યા ક્યા પ્રસંગો, બનાવમાં કઈ રીતે બહાર લાવીએ છીએ. એ જાત સાથેની કસોટી છે. જેની પરખથી આપણી છાપ અન્યો પર પડે છે. જેનાથી અલગ ઓળખ મળે છે. નોખી પ્રતિભા મૂર્તિના સામેવાળાઓને દર્શન થાય છે. કપરો સમય, સંકટ ઘડીમાં આપણે કેવો વર્તાવ કરીએ છીએ એનાથી જ આપણી ખરી પરખ થાય છે. ખરેખરી કસોટી થાય છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# અનંત પેથોલોજી લેબોરેટરી તથા કલેક્શન સેન્ટરનો કાંજુરમાર્ગ ખાતે શુભારંભ





મુંબઈમાં કોરોના મહામારી જ્યારે પ્રસરી રહી છે ત્યારે શ્રી ક.દ.ઓ. મુંબઈ મહાજન એ એક નવું સોપાન સર કરેલ છે. કોરોના કાળ દરમ્યાન મહાજનના પદાધિકારીઓ અને કાંજુરમાર્ગ ગામવાસીઓની હાજરીમાં રવિવાર તા.૧ નવેમ્બરના સાંજના ૫.૦૦ કલાકે અનંતનાથ કોમ્પલેક્સ, કાંજુરમાર્ગ(ઈ) ખાતે વિધાનસભ્ય સુનિલભાઈ રાઉતના હસ્તે અનંત પેથોલોજી લેબોરેટરી તથા કલેક્શનનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી મનિષા શાહ એ સર્વ મહાનુભાવોનું ઉમળકાભેર સ્વાગત કરીને કર્યું હતું.





# અનંત પેથોલોજી લેબોરેટરી તથા કલેક્શન સેન્ટરનો કાંજુરમાર્ગ ખાતે શુભારંભ





મહાજન પ્રમુખ શ્રી નયનભાઈ ભેદાએ વિધાનસભ્ય સુનિલભાઈ રાઉતનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું અને પધારેલ સર્વ મહાનુભાવો સુનિલભાઈનો આછો પરિચય આપ્યો હતો તેમજ આ સેન્ટર ચાલુ કરવા માટનો મુખ્ય ઉદ્દેશ જણાવ્યો હતો. આ સેન્ટરનો શુભારંભ વર્ષ ૨૦૧૭માં મુલુંડ ખાતે કરવામાં આવ્યો હતો અને ૩ વર્ષમાં લગભગ ૧૮૦૦૦થી વધુ દર્દીઓને રાહતના દરે ડાયગ્નોસીસ કરવામાં આવ્યું હતું. આ ૧૮૦૦૦ વ્યક્તિઓમાં મુલુંડના જ્ઞાતિજનો સાથે મુલુંડવાસીઓનો પણ સમાવેશ થાય છે.

નયનભાઈ ભેદાએ વધુમાં જણાવ્યું હતું કે ભવિષ્યમાં આપણે વધુમાં વધુ સેન્ટરો શરૂ કરશું. વિધાનસભ્ય સુનિલભાઈ રાઉતએ આવા ઉમદા કાર્યો કરવા માટે જ્ઞાતિજનો તેમજ પદાધિકારીઓની પ્રસંશા કરી હતી અને કહ્યું હતું કે આ સેન્ટર આ એરિયામાં માટે ખુબજ જરૂરી હતું અને અહીંના નાગરિકો વધુમાં વધુ લાભ લે એવી આશા વ્યક્ત કરી હતી.

નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કુમારભાઈ દંડ એ સર્વ પધારેલ મહાનુભાવો અને કોમ્પલેક્સના સભ્યોનું સુંદર સાથ સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.



# પ્રકાશ પર્વ ઉત્સવ દિવસોમાં સંજીવની ડાયમંડ પેટ્રોન બનનાર ઉદારદિલ જ્ઞાતિજનની અનુમોદના કરીએ


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### મેડિકલ સમિતિ

KDO

KDO SANJIVANI

પરોપરકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકાં પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવ્યો એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



**સ્વ. પ્રતાપ પી. ધરમશી**
ગામ : સુથરી, હાલ : મુંબઈ

**હસ્તે, અંજનાબેન પ્રતાપ ધરમશી**

## સંજીવની ડાયમંડ પેટ્રોન
## Rs. 1 Lakh

સમસ્ત મહાજનની જ્ઞાતિજનો માટેની ઉમદા અને ઉપયોગી સદાય યોજના સંજીવની સહયોગમાં હાલે જ પૂરા થયેલ પ્રકાશ પર્વ દીપોત્સવી તહેવારોમાં જરૂરતમંદ જ્ઞાતિજનોના અંધકારમાં ઉજાસ પાથરવાનો અદ્‌ભૂત ખ્યાલ રાખી રૂા.એક લાખની મદદ નોંધાવી પ્રતાપ પી.ધરમશી સુથરી-મુંબઈ હસ્તે અંજનાબેન પ્રતાપભાઈ ધરમશી સંજીવની ડાયમંડ પેટ્રોન તરીકે નામ નોંધાવ્યું છે. તેઓશ્રીની ઉદારતા અને જ્ઞાતિજનો પ્રત્યેની આત્મયીતાને વંદન કરી અનુમોદના કરીએ છીએ.

# વિક્રમ સંવતના નૂતન વર્ષની નવલી પ્રભાતે કચ્છી ભવન પાલિતાણા મધ્યે જિનાલય દ્વાર ઉદ્‌ઘાટન થયું





શ્રી કચ્છી વિશા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન મુંબઈ દ્વારા સંચાલિત કચ્છી ભવન પાલીતાણા મધ્યે રથ મંદિર આદિનાથ જિનાલય નૂતન વર્ષના જિનાલય દ્વાર ઉદ્‌ઘાટન સળંગ ૧૯મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરીમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ. આ.ભ.શ્રીમદ કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની શુકનવંતી નિશ્રામાં અને પ.પૂ.સાધ્વીજી ભગવંતની નિશ્રામાં ચર્તુવિધ સંઘની ઉત્સાહભરી હાજરીમાં વિક્રમ સંવતના નૂતન વર્ષની નવલી પ્રભાતે નવું વરસ વિતે સરસની મંગલકામના શુભ ભાવના સાથે થયું.





# ગોરેગામ સંઘમાં જ્ઞાન પાંચમના પવિત્ર દિને જ્ઞાનની આરાધના કરાઈ



શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘમાં તા.૧૯ નવેમ્બર ગુરૂવાર કાર્તિક માસ શુક્લ પક્ષ લાભ પાંચમ જ્ઞાન પાંચમના પવિત્ર દિને પ.પૂ.સાધ્વીશ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨ની પાવનકારી નિશ્રામાં જ્ઞાનની આરાધના ભવ્યતાથી કરવામાં આવી.

# ગોરેગામમાં મહાવીર કલ્યાણક આરાધના સંપન્ન





શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘમાં પવિત્ર દિવાળી પર્વના દિને શ્રીમહાવીર પ્રભુ નિર્વાણ કલ્યાણકની આરાધનામાં વીર પ્રભુની સુંદર રંગોળી, અખંડ અક્ષતનો સ્વસ્તિક અને બુંદી લાડુ ધરાવવા જેવી ધર્મ આરાધનાઓ કરાઈ. સંઘના પ્રમુખશ્રી સાથે કાર્યકરો કોરોના કારણે સરકારી નિયમોને આધીન રહી મર્યાદિત સંખ્યામાં જ હાજર રહેવા છતાં ભવ્યતાની આ સમગ્ર આરાધના સંઘ વતી કરવામાં આવી હતી.









# તિરૂપુર શ્રી સુવિધીનાથ જિનાલયનું દ્વાર ઉદ્‌ઘાટન થયું

નૂતન વર્ષાભિનંદન વિક્રમ સંવત ૨૦૭૭, તિરૂપુર શ્રી સુવિધીનાથ જિનાલયમાં દ્વાર ઉદ્‌ઘાટનનું કાર્યક્રમ સવારનાં ૫.૪૫ વાગ્યે રાખવામાં આવેલ. દ્વાર ઉદ્‌ઘાટનના લાભાર્થી શ્રી હંસરાજ વેરશી નાગડા પરિવાર હતા, શ્રીમતી પુષ્પાબેન અને શ્રી હંસરાજભાઈ નાગડાને હાથે જિનાલયનો દ્વાર ખોલવામાં આવ્યો હતો.

# રાયપુર સંઘમાં દ્વાર ઉદ્‌ઘાટનનો અનેરો લાભ સૌએ લીધો







રતનગુણ ઉત્તમ વાસુપૂજ્ય સ્વામી ગૃહ ચૈત્ય જિનાલય રાયપુરના દ્વાર ઉદ્‌ઘાટનના અવસર પ્રસંગે ઉપસ્થિત સૌ અનેરો લાભ પામી ધન્ય થયા હતા. સંઘના ભાવિક શ્રાવક-શ્રાવિકાઓ આ શુભ ઘડીના ક્ષણો આહ્‌લાદ રીતે માણી ધન્યતા અનુભવી હતી.




**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વૉટ્સએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**



# ભાંડુપ રહેવાસી મનોજ લોડાયા અને હિતેશ શાહની ભાજપની જિલ્લા (સેલ) કમિટીમાં સમાવેશ




શ્રી મનોજભાઈ દામજી લોડાયા બાંઢિયા-ભાંડુપ રાજકીય ક્ષેત્રે ભારતીય જનતા પાર્ટીના નિષ્ઠાવંત કાર્યકર છે અને આ રીતે લોક સેવા કરી સૌને ઉપયોગી થઈ રહ્યાં છે. ઉત્તર પૂર્વ સંસદ ક્ષેત્રના સંસદ સભ્ય મનોજભાઈ કોટક તથા ઈશાન મુંબઈ જિલ્લા ભાજપના અધ્યક્ષ અશોકરાયના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટીના ઈશાન્ય મુંબઈ ઉદ્યોગ સેલના સહ સંયોજક પદે શ્રી મનોજભાઈ દામજી લોડાયાની વરણી કરવામાં આવેલ છે. ઈશાન્ય મુંબઈ જિલ્લા સંસદીય ક્ષેત્ર મુલુંડ, ભાંડુપ, કાંજુરમાર્ગ, વિક્રોલી, ઘાટકોપર, ગોવંડી એરિયાને આવરી લેતો વિસ્તાર છે તેમજ હિતેશ હિરાચંદ શાહને ગુજરાતી સેલના પ્રેસિડન્ટ પદે નિમણૂંક કરવામાં આવી છે.

ઉત્સાહિત સંનિષ્ઠ જ્ઞાતિજનની વરણીને સહર્ષ આવકારી અભિનંદન આપતાની સાથે તેઓશ્રીની આગામી રાજકીય ક્ષેત્રની કારકિર્દી ભવ્ય અને ઓજસ્વી બની રહે એવી પણ શુભેચ્છા આપીએ છીએ.

# કચ્છના રાયધરજરમાં નૂતન વર્ષની પ્રથમ પ્રભાતે જિનાલય દ્વાર ઉદ્‌ઘાટન થયું




કચ્છ પ્રદેશના રાયધરજર ગામે ૨૩૧ વર્ષ પ્રાચીન જિનાલયના સંકુલમાં ચાતુર્માસે બિરાજમાન પ.પૂ.નમ્રગુણાશ્રીજી મ.સા.ની મંગલકારી અને શુભઆશીષ નિશ્રામાં નૂતન વર્ષની નવલી પ્રભાતે સંઘના બહુસંખ્ય શ્રાવક શ્રાવિકાઓની ભવ્ય ઉપસ્થિતમાં દ્વાર ઉદ્‌ઘાટન થયું. એ ક્ષણોને સાચવવા તસવીરોમાં જોઈ શકાય છે.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## ગં.સ્વ. હિરાવંતી લહેરચંદ ગોસર

### અરિહંત શરણ : તા. ૦૭/૧૧/૨૦૨૦


તું હતી તો ઘર ખરેખર ઘર હતું મા...! એક મીઠું આંગણે સરોવર હતું મા...!
ધોમધખતા તાપ સામે ઢાલ જેવું એક માથે વાદળું ઝરમર હતું મા...!
સાવ ખાલીખમ હતું પણ તું હતી તો એમ લાગે ખોરડું પગ ભર હતું મા...!
યાતના વચ્ચે મલકતું તે હરખતું એ વદન હેતાળ ને મનહર હતું મા...!
ફાયદા-નુકશાનનો હિસાબ શાનો તારૂં બસ હોવાપણું સરભર હતું મા...!

**માતુશ્રી કુંવરબાઇ ત્રીકમજી ગોસર પરિવાર** (બારોઇ – હાલ કારંજા)
**અ.સૌ. કેતકી દિપક ગોસર** **અ.સૌ. હર્ષા નિશાંત ગોસર**
**હેમાલી વનરાજ લોડાયા** **અ.સૌ. આરતી લીતેશ ખોના**
**રોનક-રોમીલ-ઉર્મીલ-તન્મય-યશ-ચિરાંગી-ઉર્વી**

આપની હયાતી અમારી પ્રેરણા હતી. આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા.
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ,
લાગણીશીલતા અમો જીવનભર ભૂલશું નહીં.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

**માતુશ્રી વેલબાઇ દેવજી ખોના પરિવાર** (આરીખાણા)
**વિજયા મહેન્દ્ર ખોના** **કલ્પના હંસકુમાર મૈશેરી**
**શશીકલા જીતેન્દ્ર ખોના** **ભારતી ભરત લોડાયા**
**સ્મિતા રાજેન્દ્ર ખોના**

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા શ્રેષ્ઠીવર્ય શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશી મોતાને કેડીઓ રત્ન એવોર્ડથી સન્માનિત કરાયા



દશાઈ જ્ઞાતિની સંસ્કૃતિ, સભ્યતા અને વીરાસત જાળવી વ્યવહાર દક્ષ, સમાજપ્રેમી અને જ્ઞાતિહિતની અસ્મિતાની ચાહક એવા જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય વડીલ મુંબઈ મહાજનની ઐરોલી વાડીના મુખ્ય દાતા શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાને તા.૮ નવેમ્બર ૨૦૨૦ રવિવાર દિવસે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા એમના નિવાસસ્થાને કેડીઓ રત્ન એવોર્ડ એનાયત કરી તેમનું સન્માન ગૌરવ કરવામાં આવ્યું.

મુંબઈ જ્ઞાતિ મહાજન પ્રમુખ તથા શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી નયનભાઈ ભેદા તથા પારસ પદમશી મૈશેરીના વરદ હસ્તે જ્ઞાતિ શ્રેષ્ઠીશ્રીને શાલ ઓઢાડી કેડીઓ રત્ન એવોર્ડ સગર્વ એનાયત કરાયો. વર્તમાન પરિસ્થિતિ વશ સાદગીપૂર્ણ રીતે આ કાર્યક્રમ થયો જેનું લાઈવ પ્રસારણ મહાજનની યુ-ટ્યુબ ચેનલ ઉપર કરાયું. જે સમગ્ર જ્ઞાતિએ રસપૂર્વક માણ્યું હતું.

આ પ્રસંગે કેડીઓ રત્ન એવોર્ડ એનાયત કરનાર બન્ને મહાજન મોવડીઓ નયનભાઈ ભેદા અને પારસ પદમશી મૈશેરીએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં મહામાનવી લક્ષ્મીચંદભાઈ મોતાના વિરાટ વ્યક્તિત્વના કાર્યો અને તેમના સદ્ગુણો અવર્ણનીય હોવાનું કહ્યું હતું. ખરોખર માનવ જીવન સાર્થક કરવું હોય તો અને જીવનને સાચા અર્થમાં જીવ્યાનો આનંદ પામવો હોય તો આવી મહાન વ્યક્તિત્વના સ્વામીના ગુણોને આત્મસાત કરી જીવનમાંથી પ્રેરણા લઈ જીવન જીવવાનો પ્રયાસ કરવો જોઈએ. જ્ઞાતિના કોઈપણ જરૂરિયાતવાળી વ્યક્તિને કોઈપણ કાર્ય માટે તેઓશ્રીએ ક્યારેય ના નથી પાડી એજ એમની ઉદારતા ભર્યા સ્વભાવની ઓળખ છે.

મહાજન પ્રમુખ નયનભાઈ ભેદાએ મુંબઈ મહાજન દ્વારા જ્ઞાતિ માટે સંચાલિત થતી પ્રવૃત્તિઓની વિગત આપી હતી તે ઉપરાંત શાલીભદ્ર સાધર્મિક સહાય, મેડિકલ સ્કીમમાં મહાજનના સહયોગ તથા ઐરોલીવાડી વિશે વિગત સભર માહિતી પણ આપી હતી.

# રત્નટૂંક જૈન દેરાસર જખૌ તીર્થ અને જ્ઞાતિ મહાજનની કાર્ય પ્રવૃત્તિ

૧૭૨ વર્ષ પ્રાચીન ૧૦ ટૂંકથી શોભિત જખૌ તીર્થ ખાતે રત્નટૂંક જિનાલય સંકુલનું જિર્ણોધ્ધાર કાર્ય પ્રગતિ પથ પર છે. નવટૂંકનું બહારનું કામ પૂરું થવાને આરે છે. આદેશ્વર દાદાનું ચૌમુખ જિનાલયનું અંદરનું કામ પ્રગતિ પર છે. જ્યારે સુવિધિનાથ જિનાલયનું અંદરનું કામ દિવાળીના તહેવારો હાલે પતી ગયા છે. એટલે શરૂ થશે એવું આયોજન છે. શ્રી ગૌતમ સ્વામી ટૂંકનું સમારકામ તથા મુખ્યદ્વારનું નૂતનીકરણ લાભ પાંચમના દિવસથી શરૂ થયું છે. દેરાસરજીના પ્રાંગણની આરસની લાદીઓ ઘડાઈ રહી છે. તે ઉપરાંત કેસર રૂમ, લાકડાના દરવાજા કાર્ય અને જારિયા વિગેરેનું કામ ઝડપભેર આગળ ધપી રહ્યું છે.

અતિથિ ગૃહની સગવડ સરકારી નિયમો અનુસરી શરૂ કરવામાં આવી છે. જખૌ જ્ઞાતિ મહાજન દ્વારા જરૂરતમંદ જ્ઞાતિ બંધુઓને સાધર્મિક સહાય યજ્ઞ યોજના હેઠળ ૪૧ બાંધવોને રૂા.૧ હજારનો ત્રીજો હપ્તો પહોંચાડી દેવામાં આવેલ છે. આમ કુલ ૪૧ જેટલા સાધર્મિક જખૌવાસીઓને કુલ્લ રૂા.૩૫૦૦ પ્રતિ કુટુંબ સહાય આપવામાં આવી છે.

# કે.ડી.ઓ.જૈન સમાજ વડોદરામાં આસો માસની ઓળી કરાઈ

શ્રી કે.ડી.ઓ. જૈન સમાજ વડોદરામાં આસો માસની ઓળી કરવામાં આવી. જેનો ૧૫ જણાએ લાભ લીધો હતો. કાયમી દાતા માતુશ્રી નવલબેન જેચંદ દામજી લોડાયા પરિવાર જખૌ-વડોદરા ઓળીનો લાભ લીધો હતો. ૯ દિવસમાં કુલ્લ ૧૫૦ આયંબિલ થયા. આસો માસ સુદ પૂનમના નવપદની પૂજા દાતા પરિવાર તરફથી કેડીઓ મહિલા મંડળની બહેનોએ ભરાવી હતી. આયંબિલના તપસ્વીઓના પારણા દાતા પરિવાર તરફથી કરાવવામાં આવ્યા હતા.

# સાંગલી સંઘ મધે સમ્યગ જ્ઞાનની આરાધના ભક્તિભાવપૂર્વક થઈ




શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘમાં પ્રવચન પ્રભાવક પ.પૂ.ગુરૂદેવ શ્રી દેવરત્નસાગરજી મ.સા.ના પરમ શિષ્ય પ.પૂ. મુનિરાજ શ્રી ચૈત્યરક્ષિત સાગરજી મ.સા.ની નિશ્રામાં સમ્યગજ્ઞાનની આરાધના ઉત્સાહ ઉમંગના ભાવથી કરાઈ. શ્રી સંઘના નાની મોટી વયના સૌ જોડાઈ આ ધર્મભક્તિ ભાવનો લાભ લીધો હતો.

# અનેક પ્રશ્નોને લીધે અબડાસામાંથી સતત વધી રહેલી હિજરત

ભૂકંપ પછી ઘણા ઉદ્યોગ જેવા કે સિમેન્ટ મીઠાપોર્ટ જખૌ, વાયુસેના કેન્દ્ર ઉપરાંત અન્ય અનેક મોટા ઉદ્યોગ તથા ખેતીની ઉપજ હોવા છતાં અત્રે નર્મદાના નીર નહીં પહોંચવાની ફરિયાદ, અપૂરતી તબીબી સેવા, શિક્ષણ અને સિંચાઈ, પેય જળની સુવિધાના અભાવે સતત દાયકાઓથી ચાલી રહેલી અવિરત સમસ્યાઓ અને સુવિધાના અભાવે જિલ્લાના મહત્વના સરહદી તાલુકા અબડાસામાંથી હિજરતનો દોર વણથંભ્યો ચાલુ રહ્યો છે.

આ બધા પ્રશ્નો પ્રત્યે રાજકીય નેતૃત્વ શક્તિની નિષ્ક્રિયતાથી લોકો હતાશ થઈ વર્ષ દહાડે પાંચ હજાર પરિવાર હિજરત કરી રહ્યાં હોવાનું જણાયું છે.

# મૈત્રી કમલેશ દંડ યુનેસ્કોના એજ્યુકેશન પ્રોગામીંગ માટે પસંદગી થયા

કુ.મૈત્રી કમલેશ દંડ (આનંદ પરિવાર) ગામ .... અંકલેશ્વર આંતરરાષ્ટ્રીય સંગઠન યુનેસ્કોની મહાત્મા ગાંધી ઈન્સ્ટિટ્યૂટ એજ્યુકેશન ફોર પીસ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (એમ.જી.આઈ.ઈ.પી.એસ.ડી.) અને ટોકિંગ ક્રોસ જનરેશન એજ્યુકેશન (TAGE) માટે પસંદ થયા છે.

વિશ્વ દેશોનું સંગઠન યુનોની યુનેસ્કો એક અલગ પાંખ છે. જેના દ્વારા યુનેસ્કો એમજીઆઈપીએસડી સંચાલિત થાય છે. શિક્ષણ સાથે વધુ સારા ભવિષ્ય માટે બહેતર હોય એવી સારી શિક્ષણ નીતિઓ બનાવે છે. તેઓએ તાજેતરમાં TAGEનો પ્રારંભ કર્યો છે. જે યુવાનો સાથે સંવાદ કરે છે. તેઓ કેવી રીતે શું અને કેમ શિક્ષણનું અને યુવાનો કેવી રીતે સારા ભવિષ્ય માટે શિક્ષણને નવી વ્યાખ્યા આપી શકે છે તે પોસ્ટ કરે છે. સોશિયલ મિડીયા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વિગેરે પર વિશ્વના શિક્ષણને લગતા પ્રશ્નો મોકલે છે અને પછી યુનેસ્કો એમજીઈઆઈપીના પ્રતિનિધિઓ વાતચીત કરે છે અને ઉત્સાહી તથા ઉમદા વિચારશ્રેણી ધરાવતા ૬ યુવાને વિશ્વભરમાંથી પસંદ કરે છે. જે બદલાતી શિક્ષણ નીતિઓનો ભાગી બની જાય છે.

જ્ઞાતિની પ્રતિભાશાળી અને ભવિષ્યના શિક્ષણ નીતિ માટે ઉમદા વિચાર ધરાવતી કુ. મૈત્રી કમલેશ દંડ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય યુનેસ્કો એમજીઈઆઈપી માટે વિશ્વભરની શિક્ષણ નીતિઓના બદલાવ માટે પસંદપાત્ર થયેલ યુવા નેતાઓમાંની એક છે. જે પરિવાર માટે તેમજ જ્ઞાતિ માટે ગૌરવપ્રદ છે. આ માટે તેણી તથા તેમના મમ્મી-પપ્પાને ઉમળકાભેર અભિનંદન.


UNLOCK YOUR BUSINESS
Under KDO B2B Platform
To boost your business is only KDO B2B's motto
Get your Business Advertisement FREE in our weekly emagazine GYATIMAIYA at 1st come 1st basis
Advertisement for any of your business, gruh udhyog, profesional services, etc.
Home operate business also can be advertised
POST YOUR
FREE ADS
KDO
BUSINESS
For further information please call 90990 41414 (Sheetal Dhulla)

# શ્રી થાણા અચલગચ્છ જૈન સંઘમાં જ્ઞાન પાંચમની આરાધના ઉત્સાહભેર કરાઈ




શ્રી થાણા અચલગચ્છ જૈન સંઘમાં આધ્યાત્મ યોગી ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા મુનિ પ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી મંગલ નિશ્રામાં તા.૧૯ નવેમ્બર ગુરૂવારના જ્ઞાન પાંચમની આરાધના ઉત્સાહ અને ઉમંગ સાથે કરવામાં આવેલ.

# રાયધર જર સંઘમાં જ્ઞાન પંચમી આરાધના થઈ




તા.૧૯ નવેમ્બર ગુરૂવારના પવિત્ર દિને કચ્છ પ્રાંતના રાયધર જર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની મંગલકારી નિશ્રામાં જ્ઞાનપંચમી નિમિત્તે આરાધના કરાઈ. આ ધર્મ આરાધનામાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર સહભાગ લઈ ધન્યતા પામી હતી.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજ તાલુકાના નારણપર ગામના ફેબ્રિકેશનનું કામ કાજ કરતાં મહેન્દ્રભાઈ લખમશી પઢારિયા લોકડાઉન શરૂ થયું તે દિવસથી એટલે કે ૨૭ માર્ચથી આજ લગી કોઈ મતના વળતરની આશા વગર સ્વખર્ચે એસક પણ દિવસની ગેરહાજરી વગર બરોબર રાત્રે ૧૨ વાગે નારણપર બસ સ્ટેશન પર લગભગ ૨૦ કપ જેટલી ચા લઈને પહોંચી જાય. જ્યાં નાઈટ ડ્યૂટી કરતાં ગ્રામ રક્ષક દળ તેમજ હોમ ગાર્ડના જવાનો ને પોલીસ એક રાઉન્ડ મારીને વારા ફરતી ચા પીવા આવતા જાય અને ચાની ચુસ્કી લગાવી તરોતાજા થઈ સુસ્તી ઉડી જતાં ફરી પોતાની ફરજ પર રાઉન્ડ લગાવવા નીકળી જાય. મહેન્દ્રભાઈ પોતાની ચા વિતરણની સેવા પૂરી થાય ત્યારબાદ આ જવાનો સાથે ગામની અંદર લાદી અને ટોર્ચ સાથે પેટ્રોલિંગ પણ કરે. હાલની પરિસ્થિતિમાં ધંધા મંદ છે. સૌ આર્થિક સંકડામણ ભોગવે છે. અનેકવાર તેમને કેસ સબ યુનિટના હોમગાર્ડ કમાન્ડિંગ ઓફિસર તેમને ચા-પાણી ખર્ચ આપવાની વાત કરે તો તેઓ વિનયપૂર્વક ઓફર નકારી આવા કપરાકાળમાં મારી પણ દેશ પ્રત્યે સેવાની ફરજ બને છે. એવું કહી નમ્રતાપૂર્વક જવાબ આપે છે.

● ભુજની અદાણી મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.ના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતાં કુંદ પરેશ મહેતાએ ભારત સરકારના આયુષ્ય મંત્રાલયના યોગ શિક્ષક અને પરીક્ષક લેવલ ૩ની પરીક્ષા પાસ કરીને કચ્છના પ્રથમ માન્ય યોગ શિક્ષક અને પરીક્ષકની પદવી મેળવી છે. યોગ અભ્યાસની પ્રેક્ટિકલ તથા થીયરીને આવરી લેતી યોગની વિવિધ પરીક્ષાઓ લેવાય છે. જેમાં યોગ શિક્ષક અને પરીક્ષક લેવલ-૩ની પરીક્ષામાં પતંજલિ યોગ સૂત્ર, ગેરંડ સંહિતા, હઠયોગ, પ્રદીપિકયા, શ્રીમદ ભગવદગીતા, યોગ દર્શન જેવા પુસ્તકોનો અભ્યાસ સાથે કઠિન યોગાસનો, પ્રાણાયમ અને યોગ ક્રિયાઓ અભ્યાસક્રમમાં આવરી લેવાય છે. આ પરીક્ષામાં ૭૦ ટકા આવે તો જ પાસ થવાય છે.

● કચ્છમાં ખખડધજ બનેલા માર્ગોને લીધે થતા અકસ્માતોમાં અબોલ જીવો અડફેટે આવી જાય છે અને તેનું ભારણ પ્રાગપર રોડ પર સ્થિત એકરવાળા અહિંસાધામ ઉપર પડ્યું છે. વાહનોની અડફેટે ચડી ઘાયલ થયેલા પશુઓને જીવદયા પ્રેમીઓ અહિંસા ધામમાં રવાના કરી દે છે. અત્રે ૧૧ હજાર ફૂટના બે આઈસીયુ યુનિટ હાઉસફૂલ છે. હાલે જનાવરો માટેના બન્ને વિશાળ આઈસીયુ યુનિટમાં ૫૦૦ જેટલા પશુઓની સારવાર થઈ રહી છે. દરરોજ ચારથી પાંચ નાના મોટા પશુઓ જે અકસ્માત ગ્રસ્ત થાય તેને કોઈને કોઈ દૂર દૂરથી લઈને આવે છે. અકસ્માત થયેલ ઉપરાંત એસિડ છાંટેલી ગાયો, શિંગડાનું કેન્સર, પ્લાસ્ટિક ખાઈને મૃતઃપ્રાય થયેલી ગાયો, આંધળા, વિકલાંગ થયેલ જાનવરો અને ત્રણ પગવાળા પશુઓ વિશેષ માવજત માગી લે છે. આ સૌની માવજત પાછળ માસિક તેર લાખ જેટલો ખર્ચ થાય છે. તે સામે આ સેવાકીય જવાબદારી ઉપાડવા માટે જરૂરી ટેકો આર્થિક દાન પૂરતું મળતું નથી જે ચિંતા પ્રેરે છે.

● માંડવી તાલુકાના હુંદરાઈ બાગ વાડી વિસ્તારની પ્રાથમિક શાળામાં રાજ્યની પ્રથમ હરતી ફરતી શાળાનો આરંભ જિલ્લા શિક્ષણાધિકારી જે.પી.પ્રજાપતિના હસ્તે કરાયો. બાગ ગામની પ્રાથમિક શાળાના શિક્ષક દીપકભાઈ મોતાના દ્વારા તૈયાર કરાયેલ આ નવતર પ્રકલ્પ હરતી ફરતી ડિજીટલ શાળા જ્યાં નેટવર્ક કે વીજળીનો અભાવ છે એવા ઘણા વિદ્યાર્થીઓને આ શાળાનો સુલભ રીતે લાભ મળશે. આ માટે પ્રેમિલાબેન જેઠાલાલ પરિવારએ આર્થિક અનુદાન આપી આ પ્રોજેક્ટમાં સહયોગી રહ્યાં છે.

## જીવન ઘટમાળ

● જન્મ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૧૧.૨૦૨૦ | ડોંબિવલી | કુશ-ડીન્કી સચિન રમેશ લોડાયા | મોટી ખાવડી | પુત્ર |

● જ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૧૧.૨૦૨૦ | પુણે | ઉત્કર્ષ ખુશાલ લાલજી મૈશેરી | જખૌ | ૨૬ |
| | રાયપુર | ખુશ્બુ દિપક મેઘજી લાલકા | વારાપધર | ૨૨ |
| ૧૯.૧૧.૨૦૨૦ | ડોમ્બીવલી | મયંક કીર્તિ ગોવિંદજી દંડ | નલિયા | ૨૭ |
| | અહમદનગર | ગુંજલ કિરણ નાગશી નાગડા | કોઠારા | ૨૫ |
| ૧૯.૧૧.૨૦૨૦ | મુલુંડ | જીનેન રાહુલ પુનમચંદ મૈશેરી | લાલા | ૨૬ |
| | કાંદિવલી | શિવાની શૈલેશ ચીમનલાલ મોમાયા | વરાડિયા | ૨૩ |


● આંતરજ્ઞાતિ સગપણ છુટા ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૧૧.૨૦૨૦ | ચેમ્બુર | પ્રિયંક શશીકાંત હીરજી ગણાત્રા | અંજાર | ૩૪ |
| | મુલુંડ | નેહા હંસકુમાર શામજી શિયાલ | જખૌ | ૩૫ |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જીવરાજ મોમાયા
તા.૧૫ નવે. (ઉ.૯૧)
સાંયરા-વડોદરા



લક્ષ્મીચંદ ગડા
તા.૧૬ નવે. (ઉ.૭૭)
-



મધુકાંતા લોડાયા
તા.૧૬ નવે. (ઉ.૭૭)
સાંયરા-ગદગ





મણીબાઈ મોતા
તા.૧૬ નવે. (ઉ.૮૭)
ધ્રુફી-કોઠારા



ગૌતમ લાલકા
તા.૧૪ નવે. (ઉ.૪૯)
વારાપધ્ધર-ડોંબિવલી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444 / 1555
www.shubhdiamonds.com
E.Mail: seema@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**